# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CABINET MEET

ગાંધીનગરમાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં મગફળીના ટેકાના ભાવે ખરીદી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આ બેઠકમાં વિદ્યાસહાયકો સહિત શિક્ષણ વિભાગની ચાલી રહેલી ભરતી અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ તથા નીતિગત વિષયો, વાવ વિધાનસભાની પેટાચૂંટણી અંગે વરિષ્ઠ મંત્રીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

---------

## ANAND BULLET TRAIN ACCIDENT

આણંદ જિલ્લાના રાજુપરા પાસે બૂલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી દરમિયાન પથ્થરો તૂટતા ચાર શ્રમિક દટાયા હતા, જેમાંથી ત્રણ શ્રમિકના મોત નીપજ્યા છે. મૃત્યુ પામેલા દરેક શ્રમિકોના પરિવારજનોને 20 લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયાની રકમ આપવામાં આવી રહી છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતાએ આ અંગે માહિતી આપી હતી.

-------------------

## LABHPANCHMI

આજે લાભ પાંચમનો શુભ દિન છે. આ નિમિત્તે આજે વેપારીઓ પોતાના વેપારની શરૂઆત કરે છે. વર્ષ દરમિયાન સારા વેપાર રોજગારની આશા સાથે વેપારીઓએ આજે આ દિવસની શરૂઆત પૂજન અર્ચન સાથે કરી હતી..

મહિસાગર ખાતે પણ વેપારીઓ આજના દિવસે શુભમૂહુર્તમાં પોતાના વ્યવસાયની શરૂઆત કરી હતી. જ્યારે વેપારની સાથેસાથે કૃષિકારો પણ આજના દિવસે પોતાના ખેતીકાર્યનો આરંભ કરે છે.

અરવલ્લી જીલ્લાના ખેડૂતો દ્વારા બટાકાની ખેતીનો વિધિવત આરંભ કરવામાં આવ્યો હતો. લાભ પાંચમથી ખેડૂતો બટાકાના વાવેતરમાં જોડાઈ ગયા છે. અરવલ્લી સહિત આસપાસના જિલ્લામાં મોટ ભાગે ખેડૂતો પ્રોસેસિંગ એટલે કે ચીપ્સના બટાકાનું વાવેતર કરતા હોય છે, જેથી ખેડૂતોને સારો ભાવ મળે છે... સામાન્ય રીતે બટાકા, નેવુ દિવસમાં તેનું ઉત્પાદન મળવા લાગે છે, જેથી ખેડૂતો દિવાળી પછી, વાવેતરની કામગીરીમાં જોડાઈ જાય છે. અરવલ્લી જિલ્લામાં અંદાજે 60 થી 70 હજાર હેક્ટરમાં બટાકાનું વાવેતર દર વર્ષે થતું હોય છે, તેમ અરવલ્લીના ખેડૂત કિરીટ પટેલે જણાવ્યું હતું.

(ઓડિયો : કિરીટભાઈ પટેલ, ખેડૂત)

ધાર્મિક દ્રષ્ટિએ પણ આજના લાભ પંચમીન દિવસનું અનેરુ મહત્વ છે ત્યારે પાટણમાં  જૈન સમાજ દ્વારા  જ્ઞાન પાંચમ તરીકે આજના દિવસેને ઉજવવામાં આવ્યો હતો..

પાટણના હેમચન્દ્રાચાર્ય જ્ઞાન ભંડાર ખાતે સૌ જૈન ભાઈ બહેનોએ પૌરાણિક ગ્રંથ, પુસ્તકો, જુના હજારો વર્ષના સિક્કા સહીત સોનાની સાહીથી લખાયેલ ગ્રંથોના દર્શન કરી જ્ઞાનની પૂજા કરી હતી.. પાટણના આ જ્ઞાન ભંડારમાં હજારો વર્ષ જુના ચલણી સિક્કા, ગ્રંથો, તાડપત્ર, કેનવાસ પત્ર, પુસ્તકો સચવાયેલા છે જે આજના દિવસ માટે માત્ર દર્શન માટે ખુલ્લા મુકાય છે.

-----------------------------------

## CHHATH POOJA TAIYARI

રાજ્યમાં વસતા ઉત્તર ભારતીયો માટે મહત્વના છઠપૂજા મહોત્સવની ઉજવણી માટે તડામાર તૈયારી ચાલી રહી છે.

દમણના અમારા પ્રતિનિધિ પ્રદિપ ભાવસાર જણાવે છે કે, જિલ્લા તંત્રએ છઠ પૂજા માટે ત્રણ સ્થળને અધિકૃત કર્યા છે. પરકોટા શેરી બીચ, દાભેલ તળાવ અને દમણના કડૈયા બીચ પર છઠ માતાની પૂજા કરી શકાશે. નાયબ કલેક્ટર પ્રિયાશું સિંઘે જણાવ્યું હતું કે, દલવાડા તળાવની ઊંડાઈના કારણે ત્યાં છઠ પૂજા કરવા પર પ્રતિબંધ લગાવાયો છે.

સુરતમાં વસતાં સાત લાખ જેટલા ઉત્તર ભારતીયો પણ આવતીકાલે છઠપૂજા મહાપર્વની ઉજવણી કરશે. આ માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

-------------------

## AMDAVAD PASHU SARVAR

અમદાવાદ શહેરમાં દિવાળી દરમિયાન ફટાકડાના અવાજથી 150થી વધુ પક્ષીઓ અને 200થી વધુ પશુઓને ગંભીર ઈજા પહોંચી હતી. સામાજિક સંસ્થા દ્વારા આ પશુ-પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી. જ્યારે ચાર જેટલા પશુઓને ઇમરજન્સી કેસમાં ગંભીર ઈજા સાથે પાંજરાપોળ લાવવામાં આવ્યા હતા, જેમાંથી ત્રણ પશુની શસ્ત્રક્રિયા કરવી પડી હતી.

અમદાવાદ શહેરમાં વર્ષ 2024ના પ્રારંભથી દિવાળી દરમિયાન 6 હજાર 500થી વધુ પશુ-પક્ષીઓની સારવાર કરવામાં આવી છે.

--------------------------

## JUNAGADH PRAVASI BHEED

**જુનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લામાં હાલમાં દિવાળી વેકેશનની રજા માણવા માટે સહેલાણીઓની ભીડ જામી છે. કિલ્લામાં રા નવઘણનો કૂવો, અડીકડી વાવ, નીલમ ટૉપ સહિત જૂનવાણી વારસો જોઈ પ્રવાસીઓ અભિભૂત થયા હતા. ઉપરકોટ કિલ્લામાં છેલ્લા 3 દિવસમાં હજારો પ્રવાસીઓએ મુલાકાત લીધી છે.**

**ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીના હસ્તે ગયા વર્ષે કરોડો રૂપિયાના ખર્ચે ઉપરકોટ કિલ્લાના જીર્ણોદ્ધાર બાદ તેને ખૂલ્લો મુકાયો હતો. પ્રવાસીઓની**

સલામતીને ધ્યાનમાં રાખી તકેદારી રાખવામાં આવી રહી છે. તેમજ માર્ગદર્શકો પ્રવાસીઓને કિલ્લાની માહિતી આપી રહ્યા છે.

.................